સાલ : ૯ / સિલસિલાવાર નંબર : ૯૯ / શુમારો : ૩

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

કુલ પાના - ૧૦

مشكوة الهادي

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ રબીઉલ અવ્વલ ૧૪૩૩ હિ., ૨૪-૧-૨૦૧૨

# -::: મોર અને કાગડો :::-

બેશુમાર ઝિંદા ચીઝો આ ઝમીન પર મૌજૂદ છે. હરએકની કોઈની કોઈ ખાસીયત છે. હરએકનો આ જહાનમાં મખ્સૂસ કિરદાર છે અને તેની પૈદાઈશનો એક અહમ મકસદ છે, જેના ઝરીએ તેનો બીજી મખ્લૂક સાથે રિશ્તો જોડાયેલો છે. મખ્લૂકના આ સિલસિલામાં હર ચીઝ એક કડી મુજબ છે. જો એક પણ કડી કાઢી નાંખવામાં આવે તો સિલસિલો કતેઅ થઈ જાય અને **ઘણી બધી ઝિંદા ચીઝોનું નામોનિશાન જહાનમાંથી મિટી જાય.** આ તમામમાં ઈન્સાન અશરફ, આઅલા, કૂવતવાલો અને બીજી મખ્લૂકથી ફાયદો ઉઠાવવાવાલો છે. ઈન્સાન પોતાની અક્લથી હર ચીઝથી ઈબરત લઈને પોતાની ઝિંદગીને સઁવારી શકે છે. આ ઈબરત કઈ તરહની હોય તેની એક મિસાલ નીચે આપેલી હિકાયતમાંથી લઈ શકાય છે.

એક વેપારી હતો, તે એક શહેરમાં વેપાર વાસ્તે ગયો અને ત્યાંના બાદશાહ સાથે મુલાકાત થઈ. વેપારી અને તેના ગિરોહની હુશિયારીથી બાદશાહ ઘણો મોતઅસ્સિર થયો અને તેમને પોતાના દરબારમાં જમનનું ઈઝન પેશ કીધું અને રહેવા વાસ્તે કમ્રો આપો. તેમની આઅલા દરજાની મહેમાનનવાઝી કીધી. પછી દરબારીઓને હુકમ કીધો કે, તમેં આ મહેમાનોને મારો પૂરો મહેલ બતાવો, ખઝાનાઓની નફીસ ચીઝો બતાવો, બાગ-બગીચામાં સૈર કરાવો અને મારી બાદશાહતમાં જેટલી જોવા લાયક ચીઝો છે તેનો નઝારો કરાવો. બધી જ ચીઝો પર નઝર નાંખા બાદ વેપારીની બાદશાહ સાથે મુલાકાત થઈ. તો બાદશાહે પૂછ્યું કે, **"ભાઇ! તમને આ મારી બાદશાહત, મહેલ યા ખઝાનામાં કોઇ કુસૂર નઝર આવો ?"** વેપારીએ જવાબ આપો કે, અય બાદશાહ, ગુસ્તાખી મઆફ ! તમામ ચીઝો બહેતરીન છે, પણ ખુદાની એક અજીબ પૈદાઈશ જેમાં તમામ તરહના રંગો સમાયેલા છે, તે મોર તમારી પાસે નથી. જો તે તમારા તખ્તને નઝદીક મૂકવામાં આવે તો તમારી શાનને ચાર ચાઁદ લાગી જાય.

**"મોર"** ની સિફ્તો સના સાંભલીને બાદશાહ તઅજ્જુબમાં પડી ગયો, કેમકે, તેએ કોઈ વક્ત આ તરહના પરિંદાની ઝિક્ર તે પહેલા સાંભલી ન હતી. તેએ વેપારીને કહ્યું કે, તમેં ઔર ઝિયાદહ મોરની સિફત મને કહો, તેના જિસ્મ, તેના રંગ, તેની ચાંચ, તેની ગરદન, તેના બચ્ચા વગૈરહની મને બયાની કરો. વેપારી મોર બાબત તમામ ચીઝો કહેવા લાગો તો બાદશાહની આઁખમાં મોર જોવાની પ્યાસ શદીદ થાતી ગઈ, મોરને હાસિલ કરવા વાસ્તે દિલમાં બેકરારી પૈદા થઈ.

પોતાના ખઝાનામાં મોરની કમીને જલ્દીથી દૂર કરવા, તેના વઝીરોને તલબ કીધા અને આ દૌરાન વેપારીએ પોતાના વતન જાવાની બાદશાહથી ઈજાઝત તલબ કીધી. તે વેપારી પોતાના ગિરોહ સાથે વતન ચાલો ગયો. વઝીરોની કોશિશથી જંગલના જાનવરોથી વાકિફ એક માહિર શખ્સને બોલાવવામાં આવો અને તેને મોર પકડવા વાસ્તે સિપાહીઓ અને ઘણો માલ-અસ્બાબ આપવામાં આવો. તે જંગલી શખ્સ સિપાહીઓ સાથે મોરની તલાશમાં જંગલમાં નિકલી પડો. ઘણા અય્યામ તક જંગલોની ગહેરાઈમાં ફિરતો રહ્યો પણ તેને મોર હાથ લાગો નહીં. તે ઘણો થાકી ચુકો હતો. સોચ્યું કે, બાદશાહે મોર તો જોયો જ નથી અને આટલી બધી મહેનત બાદ પણ જો ખાલી હાથે દરબારમાં જઈશ તો શાયદ હું જાન ગુમાવી દઈશ. લેહાઝા, આટલા બધા માલમાંથી જો થોડો-થોડો માલ આ સિપાહીઓને આપી દઉ અને મોર જેવું જ એક પરિંદુ લઈ જાઉ તો મારી મહેનતનું ફલ પણ મને મિલશે અને મારી દરબારમાં ઈઝ્ઝત પણ વધશે.

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**ઘણા લોગો દુનિયાને હાસિલ કરવામાં દીનને ભૂલી જાય છે.**

(પેજ નં. ૧ નું બાકી) **મોર અને કાગડો....**

પોતાના મકરો ફરેબની જાલમાં સિપાહીઓને ફસાવી તે શખ્સ કાગડાના શિકાર વાસ્તે તૈયાર થયો. થોડા જ વક્તમાં તેએ એક કાગડાને તીર મારીને ઝખ્મી કીધો, તેના પગ બાંધા, પાઁખો કાપી અને તરહ તરહના રંગથી તેને રંગી દીધો. મુખ્તલિફ રંગોના સબબ તે કાગડો એક અજીબ પરિંદુ બની ગયો. તેને લઈને તે શખ્સ દરબારમાં હાઝિર થયો અને કહ્યું કે, અય બાદશાહ! આપે જે મોર તલબ કીધો હતો તે હાઝિર છે. બાદશાહ ઘણો જ ખુશ થયો, તે શખ્સને ખૂબ ઈન્આમ આપું. તે નકલી મોરને બાદશાહે બરાબર પોતાના તખ્ત નઝદીક એક પિંજરામાં મૂકી દીધો. થોડા અય્યામ ગુઝરા બાદ તે વેપારી દોબારહ બાદશાહની મુલાકાત વાસ્તે આવો. તે એકલો ન હતો પણ તેના સાથે બે ખૂબસૂરત મોર હતા, જે તેએ એક પડદા પાછલ મૂકેલા હતા. બાદશાહને આ નફીસ હદીયો આપવાની નિય્યત તેની પહેલેથી જ હતી. બાદશાહે ઘણી જ ખુશીથી કહ્યું કે, ભાઈ ! તમેં જે મોરની વાત મને કરી ગયા હતા, તે મારા તખ્ત નઝદીક હાઝર છે. વેપારીએ કહ્યું કે, અય બાદશાહ ! જો મારી આઁખ ધોકો નથી ખાતી તો આ મોર જેવા પરિંદા પર મને શક છે. **ક્યાં મોરની ખૂબસૂરતી અને ક્યાં આ કઢંગુ પરિંદુ!** બાદશાહ ઘણો પરેશાન થઈ ગયો અને તેએ પેલા શખ્સને પકડી લાવવાનો હુકમ કીધો. તે જંગલી શખ્સ દરબારમાં આવો અને બાદશાહ નઝદીક બનાવટ કરવા લાગો. કેમકે, તેને અહેસાસ થઈ ગયો હતો કે, તેની ચોરી પકડાઈ જાશે. તેએ કહ્યું કે, અય બાદશાહ! આ વેપારી તમને ગુમ્રાહ કરે છે. આ જ પરિંદુ અસલી મોર છે. વેપારીને યકીન થઈ ગયું કે, પરિંદાનો રંગ અસલી નથી પણ તેના પીંછાને રંગવામાં આવા છે. વેપારીએ અરઝ કીધી કે, અય બાદશાહ! આપને સચ્ચાઈ જાણવી હોય તો પાની મંગાવી આ શખ્સના પરિંદા અને મારા મોરને ધોવામાં આવે. ખબર પડી જાશે કે કોણ ધોકેબાઝ છે! જે વક્ત પાનીથી તખ્ત નઝદીકના તે પરિંદાને ધોવામાં આવું તો બધો જ રંગ ધોવાય ગયો અને તેનો અસલી કાલો રંગ નમૂદાર થયો જે એક કાગડાનો હોય છે. પછી વેપારીના બે મોરને ધોવામાં આવા. જે કઈ મોર પર ગુબાર લાગેલો હતો તે બધો ધોવાઈ જાવાથી મોર વધારે રંગીલો અને ખૂબસૂરત દેખાવવા લાગો. વેપારીએ કહ્યું કે, હવે મોરની અસ્લીયત તમામને સામે છે. **અય બાદશાહ! આપે જે પરિંદાને મોર સમઝો હતો તે હકીકતમાં કાગડો છે.** લો ! હું આપને આ બે મોર હદીયામાં આપું છું, એકને આપ આપના તખ્તને ડાબી તરફ મૂકજો અને બીજાને જમની તરફ. શાયદ! આ હદીયો આપની શાનમાં ઈઝાફો કરશે.

આ કહાની હિકમતથી ભરેલી છે. આમાં હર કિરદાર સાથે તેની અસલી મિસાલ જોડાયેલી છે. બાદશાહ અને તેનો ખઝાનો, દુનિયા અને તેનું માલો મતાઅ છે. વેપારી તે, એવી તિજારત કરનાર દાઅવતે હકકના સાહબ છે જેનાથી નફસાની-રૂહાની ફાયદો થાય, જે વેપારનો ફાયદો લોગોને આખેરતમાં કામ લાગે. આ દુનિયાના ખઝાનાઓમાં જે ચીઝની કમી છે અને તેને રૂહાની તાજિર (વેપારી) પૂરી કરે છે, તે ચીઝ અલ્લાહતઆલાનું દીન છે. અલ્લાહનું આ દીન, મોર મુજબ છે. જેમ મોરમાં બેશુમાર રંગો હોય છે અને તેની ખૂબસૂરતી તેના પીંછાથી હોય છે, તેમ દીને ઈલાહીમાં મૌ. આદમથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક બેશુમાર રંગો છે અને મૌ. અલી (અ.સ.) ને કાઈમ કરીને અલ્લાહે તેમાં પીંછા જેવો હુસ્નો જમાલ મૂકી દીધો છે. **દુનિયાના ખઝાનાઓમાં જો આ દીન જેવી નફીસ ચીઝ નથી તો દુનિયા બેરંગ અને અધુરી છે.** કાગડાને નકલી મોર બનાવીને લાવનાર શખ્સ ખોટા આલિમો છે, જે પોતાની લાઈલ્મી અને જેહાલતને છુપાવવા બિદઅતોનો નકલી રંગ ચઢાવે છે અને દુનિયાવાલાને ધોકામાં નાંખે છે. તેના નઝદીક જે રંગીલો કાગડો છે તે બનાવટી દીન બાબતની જુઠી વાતો છે જેને આલિમો સાચી સાબિત કરવાની કોશિશ કરે છે. આખિરમાં દુનિયાવાલા નઝદીક અસલી ચીઝ ઝાહિર થઈ જાય છે. મોરની ખુબસૂરતીથી કાગડાનો કાલો રંગ ફીકો પડી જાય છે, યાઅની કે, ઈમામે હકક અને આપના દોઆતના હાથ પર અલ્લાહનું દીન એવું છે કે, તેનાથી હર બિદઅતની કાલાશ મિટી જાય છે અને દુનિયા, દીનને અપનાવવા વાસ્તે તૈયાર થઈ જાય છે. ફઅતબેરૂ યા ઊલિલ અબ્સાર....... ★

**હુશિયાર! તમારી હર હરકત પર અલ્લાહતઆલાની નઝર છે.**

## -::: પુખ્તા અકલ અને દુનિયાની ડિગ્રી :::- કિસ્ત-૩

તાઅલીમ, તરબીયત તથા Education ઝરૂરી છે. તેથી ઈન્સાનના જૌહરમાં ઝલક આવે છે, વહેવારમાં ચમક આવે છે, બોલવામાં તાકત આવે છે, અમલમાં કમાલ આવે છે અને પૂરી શખ્સીયતમાં નિખાર આવે છે. તેમાં આદતો અખ્લાકમાં બહેતરી, Manners, administrative discipline અને સમાજી બૈદારી આવે છે. પણ આ ડિગ્રીઓ આવવાથી બધું જ હાસિલ નથી થાતું. MBA યા MS ડિગ્રીધારી તેની ઓફિસનો Boss યા business માં એક્કો હોઈ શકે પણ તેના અહલો અયાલ સાથે રિશ્તો-નાતો નિભાવવામાં Zero, બેવકૂફ અને ડોગલો હોય છે. કોઈ કંપનીનો CEO યા યુનિવર્સિટીનો Professor તેના Cabin ની ચાર દીવારોમાં તેના ઈલ્મની ભલેને જમાવટ કરતો હોય પણ તેને વુઝૂ યા પાક-નાપાક પાની યા કુરઆનના કિરાતની કઈ જ સમઝ ન હોય, કોઈ MD Physician ભલે ને પોતાના મરીઝોને દિન-રાત જિસ્માની ઈલાજ કરવામાં સેંકડો દવાઓ Prescribe કરતો હોય પણ એ ઝરૂરી નથી કે, તે દિલથી તઅલ્લુક રાખતા છુપેલા રૂહાની મરઝને જાણતો હોય યા તો બાતિની બીમારીનો ઈલાજ તેના હાથમાં હોય. લેહાઝા, દુન્યાવી ડિગ્રીધારી તેના પોતાના મૈદાનમાં કે દાઈરામાં ઘણો હુશિયાર હોય પણ વહેવાર, વિચાર, તહેવાર અને સંસારમાં તે બિલકુલ જાહિલ, નિષ્ક્રિય અને નાકામિયાબ હોય.

આ તરહના લોગોની તસ્વીર જો નઝર સામે મૂકીએ તો ઝહેનમાં એક નુક્તું એ આવે છે કે, રિશ્તેદારી અને નિસ્બત કરતી વકત દીકરી એમ શરત મૂકે કે, મારો શૌહર મારી બરાબરીનો ડિગ્રીધારી હશે તો જ મારી Married life અને Career બરાબર ચાલશે, મારું Social status બરકરાર રહેશે. યા દીકરો એમ ઝિદ કરે કે, તે જે દીકરી સાથે રિશ્તો જોડે તે તેની બરાબરીનો ઈલ્મી મેઅયાર, Educational Qualification રાખતી હોય, તો તે ઘણી ભારી ગલતફહેમી છે. **આ Trend ઘણો ફિકરઅંગૈઝ અને હૈરતનાક છે.** ફકત Education થી ઝિંદગી નથી બનતી યા મોટી નોકરી - મોટા પગારથી સુખ અને મહબ્બત નથી આવતી. હર પઢેલા માઁ-બાપ એક ફરઝંદને વાસ્તે કામિયાબ વાલેદૈન બની શકતા નથી, કે ભણેલા શૌહર કમ પઢેલા બૈરોને વાસ્તે અને કમ પઢેલા શૌહરને વાસ્તે ભણેલા બૈરો કામિયાબ શરીકે હયાત બની શકતા નથી, જહાઁ તક ભણતર સાથે તેઓએ ઘડતર, ચણતર અને દીનદારીનું મઝબૂત જંતર નથી શીખું હોતું.

આજનું World, Professionalism નું world, મહારતની દુનિયા છે. મોચી-હજામથી ગણીએ તો શાદી-મૈયતના મૌકાની ગોઠવણ કરી આપવા તકના Professionals ભાડેથી મિલે છે. જે ચાહો તેની આજે પૂરી માર્કેટો ખુલેલી છે. શાદીમાં દુલ્હા-દુલ્હન અને રિશ્તેદારો પણ જેવા જોઈએ તેવા ભાડેથી available છે.આ ભાડાની-દેખાવની ચીઝમાં અને **પોતાની ઘરેલું ચીઝમાં આસ્માન-ઝમીનનો તફાવત છે.** ફકત Degree અને salary ની માંગણી કરીને બીજી ખૂબીઓ અને નૈકીઓને નઝરઅંદાઝ કરીને કોઈ બદતરને વાસ્તે બહેતર હોવાનો યા કોઈ બહેતરને વાસ્તે બદતર હોવાનો ખયાલ બાંધવો યા કિયાસ નિકાલવો ભારી ભૂલ છે.

મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, "તું આલિમ બન યા ઈલ્મનો કદરદાન બન પણ જાહિલ ન બન." આ તમામ બહેસનો ઈર્ક તે છે કે, જાહિલ તે શખ્સ છે કે, જે ફકત દુનિયાવી વહેવાર અને ઓફિસની મુલાઝેમત પૂરતું જ ઈલ્મ રાખતો હોય, પણ આકિલ તે છે કે, જે અલ્લાહની તાઅત કરે, શરીઅતના ફરમાનોને લઈ ઉઠે, હલાલને અપનાવે, હરામને છોડી દે, તો જ તેની ડિગ્રીની સહી માઅના થાશે અને તેના નામ પાછલ તે ઝીનત આપશે. આપ મૌલા ફરમાવે છે કે, **આકિલને વાસ્તે કેટલું દિલપસંદ છે કે, તે દુનિયા અને આખેરતના ઇલ્મને એક જગા જમા કરે.** ખરેખર, અલ્લાહતઆલા દીન બગૈર દુનિયાના ઈલ્મ અને વહેવારમાં બરકત ઈનાયત કરતો નથી. અલ્લાહતઆલા મુમેનીનને સૈયેદેના સાહબ (ત.ઉ.શ.) ની હિદાયત પર ચલાવીને ઈલ્મે દીનના જવાહિરથી દુનિયાની ઈમારતને ઝીનતદાર બનાવવાની નૈક તૌફીક અતા કરે. ★

**ભલાઈ તેમાં છે કે, તમારું જમવું જીવવા વાસ્તે હોય, ન કે જીવવું જમવા વાસ્તે!**

## -::: ઈસ્મતે ઈમામ – ઈમામની પાકીઝગી અને બેગુનાહી :::- કિસ્ત - ૨

દોઆતે હકક (આ.કુ.) ફરમાવે છે કે, “અદ્દીનો વદ દુનિયા તુઅમાન”, યાઅની કે, દીન અને દુનિયા જુડવા છે. એક સિકકાની બે જાનિબ છે યા એક જિસ્મ છે તો બીજું જાન છે. એકબીજાથી કોઇ વકત જુદા પડતા નથી અને જે શખ્સ તેને જુદા કરવા ચાહે છે તેની ઝિંદગી પછી ઝિંદગી રહેતી નથી. શરીઅત આ બેવે ચીઝ પર હાવી છે, ગાલિબ છે, બેવેને બરાબર મીઝાનમાં રાખે છે અને કન્ટ્રોલ કરે છે. તે બતાવે છે કે, દીનો દુનિયામાં કઇ ચીઝ જાઇઝ છે, હલાલ છે અને કઇ નાજાઇઝ છે, હરામ છે. શરીઅતની આ તમામ વાતો સહી તૌર પર ઈમામે હકક સિવાય કોનાથી માઅલૂમ કરી શકાય છે ? શરીઅત એક એવો મઝબૂત દાએરો છે, જેના મરકઝ, મધ્યબિંદુ આલે મોહંમદ (સ.અ.) ના ઈમામે હકક યાઅની ઈમામુઝઝમાન (અ.સ.) છે. જેમના સાથે આ દાએરાની હર નાની મોટી ચીઝ જોડાયેલી છે. **શરીઅત, લોગો વાસ્તે પનઘટ છે, જહાઁ ગુનાહો ધોવાય છે અને ઇમામ આ પનઘટ પર પહોંચવા વાસ્તે હિદાયતનુમા છે.** લેહાઝા, હર મુઆમેલાતમાં ઈમામનું માઅસૂમ હોવું ઝરૂરી છે, તો જ એની હિદાયતનુમાઇ કામ લાગી શકે. કોઇ શખ્સ કહે કે, હું ઈમામ છું, તો એના હર કલામ અને અમલ શરીઅતના લેહાઝથી સાચા હોવા જોઈએ, એ સાહબ નસ અને બયઅતના માલિક હોવા જોઈએ. આનાથી ઉલટું, પોતાને ઈમામ કહેનાર કૌલો અમલમાં કાચો હોય, ગુનાહ કરતો હોય તો એને માનનારી કૌમ ગુમ્રાહી પર ઉઠશે. જેમ ઘણા બધા ઈમામોના ફરઝંદો, જેઓએ ઈમામે હકક યાઅની નસના સાહબને જુઠલાવા, બગાવત કીધી, મનફાવતી ચીઝોને શરીઅત બનાવી લીધી તેઓને માનનારી કૌમો રાહે બદ પર ચાલતી થઇ ગઇ અને આમ તેઓએ અસલી શરીઅતને છોડી દીધી.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.), મુફઝઝલને ફરમાવે છે કે, હમેં તો અલ્લાહના નૂરથી પૈદા થયા છે અને હમારું નૂર એક છે અને તે કયામત તક બાકી રહેશે. હમને ઈમામે હકક તરીકે તસ્લીમ કરનાર હમારા શીઆ હમારા નૂરથી છે અને બાકી તમામ ખલ્ક જહન્નમની આગથી મોઅઝઝબ છે. **હમેં રોઝે કયામત અલ્લાહના ઘરમાં અલ્લાહના પડોશીઓ છીએ.** જે શખ્સ હમારી માઅસૂમીયત, સચ્ચાઇ અને ઈમામતને કુબૂલ કરશે, હમારી તાઅત કરશે તે હમારી જન્નતમાં શામિલ થાશે અને જે કાફિર કઝઝાબ થાશે અને હમારા સિવાય બીજાને તાબેઅ થાશે તે જહન્નમમાં જાશે.

સુદૈર અસ-સૈરફીએ આપ મૌલાને અરઝ કીધી કે, હું આપ પર હઝાર જાનથી ફિદા થાઉ, અય મૌલા! લોગો આપના વાસ્તે ઘણી જ મુખ્તલિફ વાતો કરે છે. કોઇ કહે છે કે, ઈમામના કાનમાં ગૈબની વાતો ભરી દેવામાં આવે છે; કોઇ કહે છે કે, ઈમામની તરફ વહ્ય ઉતરે છે; કોઇ કહે છે કે, ઈમામના દિલ પર ફરિશ્તા ઊતરે છે યા એ ખ્વાબમાં ફરિશ્તાને જોઇ છે; કોઇ કહે છે કે, ઈમામ તો ફકત પોતાના બાપ-દાદાઓની કિતાબોમાંથી પોતાની રાય મુજબ હુકમ કરે છે. તો અય મૌલા! આપ બતાવીએ કે, આ તમામમાં કૌન સાચું કહે છે અને કૌન ગલત! આપ મૌલાએ ફરમાવું કે, “આ સઘલામાંથી કોઇની પણ વાત તમેં ન માનો. અય સુદૈર, હમેં તો અલ્લાહની મખ્લૂક પર અલ્લાહના હુજ્જત અને એની શરીઅતના અમીન છીએ. હમારું હલાલ અલ્લાહના કિતાબથી અને હમારું હરામ પણ તે જ કિતાબથી છે. હમેં હમારા મનથી કોઇ વાત કહેતા નથી.”

અલ્લાહતઆલા સૂરએ યાસીનમાં ફરમાવે છે કે, હમેં હરએક ચીઝને ઈમામે મુબીનમાં ઘેરી લીધી છે, સમાવી લીધી છે. જે વકત આ આયત નાઝિલ થઇ તો અવ્વલ અને સાની રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પાસે આવા અને પૂછ્યું કે, યા રસૂલલ્લાહ! શું કિતાબે મુબીન (અલ્લાહના કિતાબ) જ હમારા વાસ્તે ઈમામે મુબીન છે? આપે ફરમાવું કે, ઈમામે મુબીનમાં અલ્લાહતઆલાએ કિતાબે મુબીન સમાવી લીધી છે. ઈમામે મુબીનની ઝિંદગી પૂરી તરહ અલ્લાહની ખુલ્લી કિતાબ છે. પૂછ્યૂ કે, શું કિતાબે મુબીન યાઅની તૌરાત? આપે ફરમાવું કે, ના. આ જ સવાલ જે વકત ઇન્જીલ અને કુરઆન વાસ્તે પૂછો, તો પણ જવાબ “ના” જ હતો. પછી આપે ફરમાવું કે, **"કિતાબે મુબીન અને ઇમામે મુબીન તે આ અલી છે."** આકા અલી (અ.સ.) તે એવા હકકના વલી અને ઈમામ છે કે, એના અંદર અલ્લાહે હર ચીઝના ઈલ્મને સમાવી લીધું છે. આપની આલે અત્હર યાઅની અઇમ્મતે તાહેરીન (અ.સ.) તે ઈલ્મે અલવીના વારિસો છે. હર ઝમાનામાં મુમેનીન ઈમામુઝઝમાન (અ.સ.) ની હઝરતે આલીયહથી દાઇયુઝઝમાન (ત.ઉ.શ.) ના વસીલાથી તે ઈલ્મથી ફૌઝો ફલાહ હાસિલ કરતા રહે છે અને કયામત તક કરતા રહેશે. ★

**ખતમ થાનારી હર ચીઝની ઈબ્તેદા હશે.**

## -::: રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ :::-
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૯

### ::: એક નફીસ કિસ્સો :::

સીરતની કિતાબોમાં બયાન આવેલું છે કે, એક દિન મૌ. અલી (અ.સ.), જે વક્ત આપનો જવાનીનો આલમ હતો, મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) સાથે તાઝા ખજૂર જમતા હતા. આપ મૌલા મૌ. સલમાનથી થોડી દૂરી પર હતા અને અસ્હાબ સાથે ગુફ્તગૂમાં મશ્ગૂલ હતા. જેમ જેમ આપ ખજૂર જમતા હતા તેમ તેમ તેના ઠલીયાઓને બાહર ફેંકતા હતા. બનુ એમ કે, આપ એક ઠલીયાને બાહર ફેંકવા ગયા કે, અન્જાનામાં તે મૌ. સલમાનના માથા પર વાગો. મૌ. સલમાન કહેવા લાગા કે, કેમ સાહબ! આપ જવાન તાકતવર થઈને મારા જેવા બુઝુર્ગ કમઝોરની મસ્ખરી કરો છો અને ઠલીયો મારો છો!

મૌ. અલી (અ.સ.) ફરમાવે છે કે, અય સલમાન! તમેં મારા જવાન હોવાની અને તમારા બુઝુર્ગ હોવાની વાત કરો છો! જો અગર તમેં ઉમરની વાત કરતા હોવ તો હું તમારા કરતા ઉમરમાં મોટો છું. મૌ. સલમાન તઅજ્જુબ થઈને બોલા કે, તે કઈ તરહ? આપ મૌલા ફરમાવે છે કે, અય સલમાન! જે વક્ત તમેં ૧૬ વરસના હતા અને જંગલમાં વાઘ તમારા મુકાબિલ આવી તમારા પર હમલો કરવાની તૈયારીમાં હતો તે વક્ત હું ઘોડા પર સવાર થઈને આવો હતો અને તમને વાઘના પંજામાંથી છોડાવા હતા. હવે સલમાન તમેં બતાવો કે, **તમને બચાવનાર ઘોડેસવાર ઉમરમાં મોટા યા તમેં મોટા ?** મૌ. સલમાન ફિકરમાં પડી ગયા, કેમકે, જંગલનો તે વાકેઓ તો સાચો જ હતો, મગર તે જવાન ઘોડેસવાર કૌન હતા તેની ખબર ન હતી. લેહાઝા, પોતાને યકીન થાય તે વાસ્તે મૌ. સલમાને અરઝ કીધી કે, અય સાહબ! આપના પાસે એવી શું નિશાની છે કે, જેથી મારા દિલમાં આપની વાત પર એઅતેમાદ પૈદા થાય. આ અરઝ પર આપ મૌલાએ આપની આસ્તીન માંથી જંગલી ફૂલોની ખુશ્બૂદાર કલગી નિકાલીને આપી. મૌ. સલમાનની ખુશીની કોઈ ઈન્તેહા ન રહી, જે વક્ત કે તેમને કલગીને પહેચાની લીધી અને ઈકરાર કીધો કે, જીહાઁ! આ તો તે જ કલગી છે કે જે મેં આપને શુક્રિયાના તૌર પર આપી હતી કેમકે, આપે જંગલમાં આવીને મારી જાન બચાવી." આ રિવાયતથી સાબિત થાય છે કે, અલ-ખમ્સતુલ અત્હાર (અ.સ.) અને આપની આલે અત્હરના અઈમ્મતે હકક ભલે જિસ્માની તૌરથી એક આમ ઈન્સાન જેવા હોય, પણ રૂહાની આલમમાં હર વક્ત હાઝિર હોય છે અને પોતાના મુમેનીનની ઈમદાદ કરવા કોઈ પણ જગા પર આવી પહોંચે છે.

*સલમાન ફારસી કા હે મશ્હૂર માજરા,*
*એક દિન શિકાર બન ગએ થે બન મેં શૈર કા,*
*અઝહર ફિદાએ મરહમતો લુત્ફે મુરતઝા,*
*શેહને બચા લિયા તો યે સલમાનને કહા,*

*અય દિલ જિસે વસીલએ મુશ્કિલકુશા ન હો, તા હશ્ર ઉસકે દર્દ કી હરગિઝ દવા ન હો.* ★

## -::: ચહેરો :::-

ચહેરો, ઈન્સાનના દિમાગનો બોલતો આઈનો છે. ચહેરાથી ઝહેન તથા વિચારોની અક્કાસી થઈ શકે છે. અલ્લાહતઆલાએ હકકના ઈમામોને એ તાકત બખ્શેલી છે કે, તેઓ એક લમ્હામાં ચહેરો જોઈને કોઈ પણ શખ્સના ઈમાનના હાલાત જાણી લેતા હોય છે. કુરઆનમાં તેઓનું નામ "**મુતવસ્સેમીન**" છે, યાઅની ચહેરો જોઈને ઓલખી લેનારાઓ. રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "**ઈત્તકુ ફિરાસતલ મુમિન, ફઈન્નહૂ યન્ઝોરો બેનૂરિલ્લાહ,**"

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**મોમનું પિઘલીને પાછું જામી જાવું એના અધૂરા અમલની જેમ છે કે જેની નિય્યત કાચી હોય.**

## -::: એલાને ખુસૂસી :::-

હમેં ગયા શુમારામાં ઈશારો કરી ગયા કે, આવતા મહીને આપનું ચહીતું અખ્બાર **"મિશ્કાતુલ હાદી"ની ૧૦૦ મી સાલગિરહ** આવી રહી છે. યાઅની કે, **૧૦૦ મો યાદગાર અંક** શાયેઅ થઈ રહ્યો છે. તો આ હસીન મૌકા પર આ અખ્બારને પ્યાર-દુલાર આપી ખૂબ દિલચસ્પીથી પઢનાર શખ્સની ઉમ્મીદ એ જ હશે કે, તે આ ઈલ્મી કારનામાને એક નવા રૂપ-રંગમાં જોઈ અને તેને શૌકથી પોતાના નઝદીક સાચવીને રાખે.

### "મિશ્કાતુલ હાદી"ની ૧૦૦ મી સાલગિરહ
### ૧૦૦ મો યાદગાર અંક

આ દિલનશીન અંકને હદીયતન તકસીમ કરવાનો હમારો ઈરાદો છે અને ૧૦૦ મા અંકની યાદમાં હમેં ચાહીએ છીએ કે, **આ અંક ૧૦૦ સફહાત (પેજિઝ) નો જામેઅ અને બેમિસાલ શુમારો બને.** આ અંકની હર કોપીને એક ખુસૂસી નંબર આપવામાં આવશે જે કારેઈનને યાદ રાખવાનો રહેશે. રબીઉલ આખરના છેલ્લા હફતામાં કુલ કોપીઓમાંથી ડ્રો થાશે જેમાં **૨૧ જણાનો** ઈન્તેખાબ કરવામાં આવશે અને તેઓને આ અંકની યાદનો એક નફીસ તોહ્ફો ઈનાયત કરવામાં આવશે. ૨૧ જણાના નંબરો જુમાદિલ ઉલાના શુમારામાં ઝાહિર કરવામાં આવશે અને જે શખ્સ પાસે તે નંબરનો અંક હશે તે તોહ્ફાનો મુસ્તહિક ગિનાશે.

આ સાથે, હમેં રબીઉલ આખરના યાદગાર અંકમાં આ સાલમાં શાયેઅ થયેલા મોહર્રમ, સફર અને રબીઉલ અવ્વલના શુમારામાંથી દસ સવાલાત પૂછીશું. તેના સહી જવાબો આપનારનો ડ્રો કરવામાં આવશે. તેમાંથી પહેલા **પાઁચ જણાનો** ઈન્તેખાબ થાશે. લેહાઝા, કારેઈનને પોતાનું પૂરું નામ, એડ્રેસ અને મોબાઈલ નંબર સાથે જવાબો મોકલવાના રહેશે. આ જવાબો હમારા ઈ-મેલ ના ઝરીએ પણ મોકલી શકાય છે. **મુન્તખબ થયેલા પાઁચ જણાને એક નાયાબ તોહ્ફો ઇનાયત કરવામાં આવશે.** તો, કારેઈન મુન્તઝિર રહે આ શાનદાર શુમારાના કે, જેમાં તોહ્ફા વાસ્તેની તકદીર કૈદ કરવામાં આવી છે. જોઈએ કે, અલ્લાહતઆલા કયા કિસ્મતવાલા વાસ્તે તકદીરના દરવાઝા ખોલે છે ! ★

## -::: Best Wishes :::-



Sister **Asma Fidaaali Attarwala** was invited for a 3 day seminar on LINGUISTIC AND LANGUAGE DEVELOPMENT IN JAMMU AND KASHMIR WITH SPECIAL REFERENCE TO TRIBAL LANGUAGES organized by Deptt. of Linguistics (University of Kashmir) on 14-16 November 2011. She presented a paper on "ALAVI BOHRA LANGUAGE: LANGUAGES IN CONTACT". Her paper was regarded as the best presentation and subject matter. ★

## -::: Best Wishes :::-



Brother **Fakhruddin Shamsheer Ali Barodawala** is a Full time Junior lecturer at The Lotus College of Optometry (Juhu, Mumbai). In 2011, he has graduated in Optometry from the same college, where he was awarded Gold Medal for academic excellence in the subject of Optometric Instrumentation and Dispensing Optics. He is the first student to be awarded scholarship of Dr. Kankaria's Cash Award of Rs. 25,000/-. ★

**નાફેલતથી અલ્લાહની કુરબત હાસિલ નહીં થાય જહાઁ તક ફરઝોમાં નુકસાન હશે.**

## -::: ૧૨ સુન્નતો :::-
## પડોશી સાથે ખુશ-તઅલ્લુક રાખવો
## કિસ્ત : ૪

પડોશીના હુકૂકને વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ જે અદબો અને સુન્નતો ફરમાવી છે, તેમાંથી કુલ ૧૦ ચીઝો હમણા તક યહાઁ બયાન થઈ ચૂકી છે. તે સિલસિલામાં જે અદબો બાકી છે તે નીચે મુજબ છે:

(૧૧) પડોશીને કોઈપણ તરહની તકલીફ ન પહોંચાડે. કચરો એવી રીતે ન નાંખે કે તેના ઘરમાં જાય. જમન એવી જગા પર ન બનાવે કે, જેથી તેના ઘરમાં ધૂમો જાય અને તેને તકલીફ થાય. પોતાના ઘરની બારીઓ એવી રીતે ન બનાવે કે, તેના ઘરની સઘલી હિલચાલ જોઈ શકાય યા વાતચીત સાંભલી શકાય. તેના બચ્ચાંઓ સાથે એવી રીતે ઉલ્ફત અને શફકત રાખે કે જાણે પોતાના ઘરના બચ્ચાં હોય. પોતાના ઘરના નઝદીક એવી ચીઝો ન મૂકે કે જેથી પડોશીનો રસ્તો તંગ બની જાય. ઘરમાં મોટા આવાઝથી ન બોલે યા કોઈ એવી ચીઝ ન વગાડે જેથી પડોશીને બેકરારી થાય. ઘરના આંગણાને સાફ રાખે અને એવી તરહ કચરો ન રાખે કે તેમાંથી બદબૂ પૈદા થાય.

(૧૨) જો તમેં સાદાઈ અને ભલાઈથી રહેતા હોવ મગર પડોશી આ સિફતનો ન હોય, ઝઘડાલું હોય, બેસબરો હોય અને તેના તરફથી કોઈ તકલીફ થાય યા સતામણી થાય તો તેને સહેન કરે. પડોશીની ગૈર-સુલૂકી સાથે પોતે બદસુલૂક બનવું મુમિનની તબીઅતથી દૂર છે. થોડી બરદાશ્તગી કરવાથી આપસી હાલાત સુધરી શકે છે. તેથી પડોશી સાથે નાની-નાની વાતમાં ઝઘડો ન કરે. તેના સુખમાં ખુશીનો ઈઝહાર કરે અને તેના દુઃખમાં તેનો સાથ આપીને સબર બંધાવે.

ખુદાતઆલા જેને તૌફીક આપે અને તકવાના લોગોમાંથી બનાવે તેવા મુત્તકીનની આ સીરત અને અખ્લાક છે. લેહાઝા, આ સીરત મુજબ ચાલનાર જ ખરો મુત્તકી કહેવાય અને મુત્તકી જ સાચો મુમિન બની શકે છે. મુત્તકી મુમિનનું કામ નબી સાહબની સુન્નતો મુજબ ચાલવાનું છે. જે તેમ ન કરે તે મુત્તકી કહેવાય નહીં. સબબ કે, નબી સાહબે ફરમાવું છે કે, "**જે હમારી સુન્નત મુજબ ચાલે તે જ હમારામાંથી છે, હમારો શીઓ છે, હમારો મુખ્લિસ મુમિન છે. આ સિવાયના લોગો સાથે હમારો કોઇ તરહનો રિશ્તો નથી.**" ★

## -::: નાઅતે કરીમહ :::-

*ફિરદૌસે મોઅલ્લા હે, ગુલ્ઝાર મોહંમદ કા,*
*દુરબાર હમેશા હે, દરબાર મોહંમદ કા.*
*ઇસ નૂરે મુજસ્સમ મેં, ખાલિક કે હે સબ જલ્વે,*
*દીદાર ખુદા કા હે, દીદાર મોહંમદ કા.*
*ખાસાને ખુદા ભી હે, ઔર સારે મલાઇક ભી,*
*ક્યા ખૂબ હે પૂર રૌનક, બાઝાર મોહંમદ કા.*
*બુ-જહેલ કો ખાલિક ને, લાઅનત કા દિયા તોહ્ફા,*
*જિસ વક્ત કિયા ઉસને, ઇન્કાર મોહંમદ કા.*
*તૌરાત ઝરા ખોલો, ઇન્જીલ કો દેખો તો,*
*હે ઉનકી ઝબાં પર ભી, ઇકરાર મોહંમદ કા.*
*વો જિસ પે નઝર ડાલે, બન જાએ મસીહા વો,*
*ઇસા સે સિવા પાયા, બીમાર મોહંમદ કા.*
*કુરઆને મુબી બેશક, કાનૂને મુકમ્મલ હે,*
*ક્યા ફૈઝ હે આલમ પર, બિસ્યાર મોહંમદ કા.*
*જન્નત મેં બહારેં સબ, તૈબા હી સે આતી હે,*
*હે રશ્કે જિનાઁ બેશક, ગુલ્ઝાર મોહંમદ કા.*
*પત્થર કો કિયા શેહને, પલકોં કા ઇશારા જબ,*
*ઉસને ભી પઢા કલમા, સૌ બાર મોહંમદ કા.*
*અબ હદ હે યે ઉલ્ફત કી, મેઅરાજ મેં બુલવાકર,*
*દેખા હે ખુદાને ખુદ, દીદાર મોહંમદ કા.*
*ઉમ્મતકી મુસીબત કા નકશા નઝર મેં આતા,*
*તર હોતા થા અશ્કોં સે, રૂખ્સાર મોહંમદ કા.*
*મિલ જાએ શહે આલમ, ફિર ચાહીએ ક્યા રાઇક,*
*શાહોં કા શહેનશાહ હે, ઝવ્વાર મોહંમદ કા.* ★

**દીનદારની પહેચાન નમાઝથી નહીં પણ એની બાતિની ઝિંદગીની સફાઈથી થાય છે.**

## -::: ઝાહેર ખબર :::-

## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ,
પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

## એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફ્લેટસ, ટેલીફોન એક્સચેન્જ,
પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

## બુરહાની સ્વીટ માર્ટ

**દરેક પ્રકારની મીઠાઇના ઓર્ડર ઉપર પુરતુ ધ્યાન આપવામાં આવશે.**

**જુના અને જાણીતા પ્રખ્યાત મીઠાઇવાલા**

***એક વખત પધારી, ખાત્રી કરો.***

૩૦૬, સકીના એપાર્ટમેન્ટ, રામપાર્ક, આજવા રોડ,
વડોદરા - ૩૯૦ ૦૧૯.

**અબ્બાસભાઇ મીઠાઇવાલા**

**મો.: ૯૮૯૮૬૮૪૪૧૨ / ૯૮૯૮૧૯૬૯૪૩.** ★

## જોઈએ છે

**અમારી દુકાનમાં ચશ્માના કામકાજ માટે અપની જમાઅતના કોઇ બે મુમિનભાઇની ઝરૂરત છે તાત્કાલિક આવીને મળો : અમીન ટ્રેડર્સ રાવપુરા, વડોદરા. ફોન : ૦૨૬૫-૨૪૩૧૫૩૪.** ★

## -::: ઝાહેર ખબર :::-

## બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,*
વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

## અપ્સરા કલેક્શન

**ગીફ્ટ આઇટમ, ઇમીટેશન, ઇલેક્ટ્રોનીક્સ ગેમ, ટોઇઝ, પરફ્યુમ, સીમ કાર્ડ, મેમરી કાર્ડ, પેન ડ્રાઇવ, મોબાઇલ.**

## અપ્સરા રબર સ્ટેમ્પ

**રબર સ્ટેમ્પ, પ્રી-ઇંક સ્ટેમ્પ, બ્રાસ સ્ટેમ્પ, ઝેરોક્ષ, પાનકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ.**

જીએફ-૭, સાંઈ અર્પણ કોમ્પ્લેક્ષ, અલ્પના ટોકીઝની
બાજુમાં, પ્રતાપનગર, વડોદરા - ૦૪.

**હાજી નાદેઅલી લોખંડવાલા**

**મો.: ૯૯૨૪૦૦૩૮૩૧.** ★

## આફ્રીન કલાસિસ

**અમારે ત્યાં નવી ફેશન, સ્ટાઇલ અને ડીઝાઇનમાં પેઇન્ટીંગ, એમ્બ્રોઇડરી, ભરતકામ, પેચવર્ક, ઝરદોઝી, તૈયાર કોરન, ક્રોશો તેમજ તેના લગતું હર કામ વ્યાજબી ભાવે કરવામાં તથા શિખવાડવામાં આવે છે.**

**તો આજે જ સંપર્ક કરો.... મુલાકાત લો....**

ડીસીબી ઓફીસ સામે, સ્વામીનારાયણ મંદિર
પાછળ, યાસીનખાન પઠાણ રોડ, વડોદરા.

ફોન.: ૦૯૨૨૮૨૬૩૩૯૭ / ૦૨૬૫-૨૫૬૧૦૬૩. ★


નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઇ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઇટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**કામની શુરૂઆત અંધારા મુજબ છે, તે વાસ્તે મહેનત કરવી તેલ મુજબ છે અને કામિયાબી મિલવી રોશની મુજબ છે.**

**માટીને હલકી ન સમઝો, કેમકે તમને તેમાં જ જઈને મિલવાનું છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) ઝમાનાના ઈમામ યા દાઈ પોતાના બાદ આવનાર સાહબ પર ------ કરે છે. (૨)

(૨) ખાર, અદેખાઈ, જલન. (૩)

(૩) નાપાક, ગંદું. (૩)

(૭) હર અમલનો લિબાસ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની ----- છે.. (૨)

**આડી તરકીબ :**

(૨) મૌ.અલી (અ.સ.) ની વસીયત બાદ ઈમામતના અર્શ પર પહેલા ઈમામ મૌ.---- આવા.. (૩)

(૪) તારૂં કાન આગલ લાવ, એક ---- વાત કહું. (૨)

(૫) અલ્લાહતઆલાએ ઈન્સાન સાથે ----- ને પણ પૈદા કીધા છે. (૨)

(૬) મુમેનીન ----- માં આવે તો દીનની હકીકતોની ખબર પડે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | બુ | | |
| | ખ | ત | મ | |
| ખૂ | બી | ■ | ઝા | ડ |
| | સ | બ | ર | |
| | | લા | | |

★

## -::: ખાસ નોંધ :::-

**અસ-સહીફતુત તૈયેબીયહ**

અપના ઈસ્માઈલી-તૈયેબી અકીદાઓ, દોઆઓ અને રસ્મો રિવાજની તમામ માઅલૂમાત વાસ્તેની કિતાબ.

**હદીયો : રૂા. ૨૫૦/-**

**અસ્હાબુલ યમીન**

યમનના ૨૪ દોઆતે મુત્લકીનની મુકમ્મલ તારીખ, બયાનો, અશ્આર, ફોટાઓ.

**હદીયો : રૂા. ૨૦૦/-**

**ફોન :**

**૦૯૯૦૪૨૨૧૦૯૦ (મુ.ઇબ્રાહીમભાઇ)**

**૦૯૯૩૦૩૨૧૪૪૦ (મુ.સિરાજઅલી, મુંબઇ)** ★

---

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **મિસ્બાહુદ્દાઅવત શેખ યૂનુસઅલી મિયાંભાઇ લાલા**
વફાતની તારીખ : ૨ સફર ૧૪૩૩ /૨૭-૧૨-૨૦૧૧.
સરનામું : નાગપાડા, મુંબઈ

---

નામ : **નજમુદ્દીન અકબરઅલી ઉદાવાલા**
વફાતની તારીખ : ૨૦ સફર ૧૪૩૩/૧૪-૧-૨૦૧૨.
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૦૯૭૨૩૬૩૫૨૭૨

---

નામ : **સુગરાબુ અલીહુસૈન વિલાયતવાલા**
વફાતની તારીખ : ૨૧ સફર ૧૪૩૩/૧૫-૧-૨૦૧૨.
સરનામું : લાડવાડા, વડોદરા.

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

*(પેજ નં. ૫ નું બાકી)* **ચહેરો....**

યાઅની, તમેં મુમિનની હુશિયારીથી ડરતા રહો, એ મુમિન તો અલ્લાહના નૂરથી જોઇ છે. ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, કોઇ ઈન્સાન દુનિયામાં પૈદા થયો નથી, પણ એની બે આઁખોને દરમિયાન લખેલું હોય છે કે, તે મુમિન છે કે કાફિર છે. આ લખાણ આમ લોગોથી છુપાયેલું છે, મગર હમારાથી નહીં. હમેં ઈમામે આલે મોહંમદ (સ.અ.) ચહેરો જોઇને શનાખ્ત કરી લઈએ છીએ કે, કયો શખ્સ મુમિન છે અને કૌન કાફિર છે. ★

**કપડું ભલે એક હોય, પણ કોઈનો લિબાસ એક જેવો હોતો નથી. આ જ મિસાલ શરીઅત અને અમલને લાગું પડે છે.**

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિકિર

### : મસાજિદની ઝિકિર : - કિસ્ત-૭

❊ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી બયાન છે કે, જે વક્ત તમારામાંથી કોઈ શખ્સ પોતાની નમાઝમાં કોઈ આડ રાખીને નમાઝ પઢે તો એ આડથી નઝદીક થઈ જાય, કેમકે, શયતાન એના મસલ્લા અને આડને દરમિયાન ગુઝરતો રહે છે અને નમાઝમાં ખલલ પહોંચાડવાની કોશિશ કરતો રહે છે. શયતાનની પહેલી ચાલ તે છે કે, જેથી તે બંદાને નમાઝથી ગાફિલ કરી દે યા કોઈ પણ શિકલમાં આવીને બંદાને મશ્ગૂલ કરી દે કે, જેથી એ નમાઝમાં દિલ ન લગાડી શકે. નમાઝી પર વાજિબ થઈ જાય છે કે, એવી ચીઝોને પહેચાની લે કે જેના ઝરીએ શયતાન એના નઝદીક આવે છે અને અલ્લાહની ઈબાદત કરવામાં ખલલ પૈદા કરે છે.

❊ ઈમામે આલે મોહંમદ (અ.સ.) ફરમાવે છે કે, **તમેં જે જગા પર નમાઝ પઢો અને જહાઁ કિબ્લાનું રૂખ હોય વહાઁ તસ્વીરો યા આઇનો ન લગાડો.** આમ કરવાથી નમાઝમાં ખલલ પૈદા થઈ શકે છે. મકામાત, મઝારાત, દોઆત વગૈરહની મુબારક તસ્વીરો જે અપના અકીદા સાથે વાબિસ્તા હોય તેને તબર્રુકાતના તૌર પર કિબ્લા સિવાયની દિવાલો પર લગાવી શકાય છે. મગર નમાઝના વક્તોમાં તેના પર દીવા મૂકવા, ફૂલોના હાર ચઢાવવા, અગરબત્તી કરવી યા બીજા અમલ કરવા શરીઅતથી ખિલાફ છે. તસ્વીરોથી હાજતો-મુરાદોને માંગવી અને તેને ચૂમવું પણ દુરૂસ્ત નથી. જે ઘરોમાં આ તરહના ગૈર-ઈમાની અમલ થાય છે તેમાં પઢાતી નમાઝના સવાબ અને અરકાનમાં પણ કુસૂર પૈદા થાય છે.

❊ આપ મૌલાને એવો સવાલ કરવામાં આવો કે, કોઈનું ઘર હોય અને તેમાં લોગો જમા થાતા હોય અને તે જગા નમાઝ વાસ્તે મખ્સૂસ થઈ ચુકી હોય મગર વકફ કરવામાં આવી ન હોય અને અગર તે ઘરવાલા ઘરને મોટું બનાવવાના યા નમાઝ વાસ્તે બીજી કોઈ જગા કરવાના ઈરાદાથી નમાઝની અસલી જગાને મિટાવી દે તો શું એમ કરવું બરાબર છે? આપે જવાબ આપો કે, જો તે જગા વકફ ન થઈ હોય તો તેને મસ્જિદનું નામ આપી શકાય નહીં, લેહાઝા ઘરવાલા ઘરમાં પઢાતી નમાઝની જગા બદલી શકે છે યા મિટાવી પણ શકે છે. જો તે જગા વકફ થઈ ચુકી હોય તો તે બદલી યા મિટાવી શકાતી નથી. ★

**૭ ચીઝ ઈન્સાનને દુનિયામાં નજાત બખ્શે છે : ખુદાનું ઈમાન, ફરિશ્તાઓનું ઈમાન, ઈલાહી કિતાબો પર ઈમાન, રસૂલો અંબિયા પર ઈમાન, કયામતના દિનનું ઈમાન, અદલો મીઝાન તેમજ ખૈર-શરની તકદીરનું ઈમાન, કબરમાંથી ઉઠવાનું ઈમાન.**

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૦૯૯૩૦૩૨૧૪૪૦. ★